# વીર સંવત ૨૫૪૩, ભાદરવો વદ ૧; તા. ૦૭-૯-૨૦૧૭
# ક્ષમાવણી પર્વ-૨૦૧૭

## ૧. શ્રી સીમંધરનાથ સ્તુતિ

પૂર્વજ્ઞ છે ગણધરો પ્રભુપાદપદ્મે,
સર્વજ્ઞ કેવળી ઘણા પ્રભુના નિમિત્તે;
આત્મજ્ઞ સંતગણના હૃદયેશ સ્વામી,
સીમંધરા ! નમું તને શિર નામી નામી.

## શ્રી સીમંધરનાથ ભક્તિ

(રાગ–ભરથરી)

ધન્ય દિવસ ધન્ય આજનો,
ધન ધન ઘડી તેહ;
ધન્ય સમય પ્રભુ માહરો, દરિશણ દીઠું આજ;
મન લાગ્યું રે મારા નાથજી
સુંદર મૂરત દીઠી તાહરી, કેટલે દિવસે આજ;
નયન પાવન થયા માહરા, પાપતિમિર ગયા ભાજ–મન૦

સાચો ભક્ત જાણીને, કરુણા ધરો મનમાંહ્ય,
સેવક પર હિત આણીને, ધરી હૃદય ઉમાહ–મન૦

નિર્મળ સેવા આપીએ, ભવના બુઝેરે તાપ,
હવે દરિશણ વિરહ મત કરો, મેટો મનનો સંતાપ–મન૦

ઘણું ઘણું શું કહીએ તુમને, તુમે ચતુર સુજાણ,
મુજ મનવાંછિત પૂરજો, વ્હાલા સીમંધરનાથ–મન૦

❑

## ૨. શ્રી શાંતિનાથ સ્તુતિ

જાણ્યા જાયે શિશુ સકળનાં લક્ષણો પારણાથી,
શાંતિ કીધી પણ પ્રભુ તમે સર્વ આ લોકમાંહી;
ષટ્ ખંડો ને નવ નિધિ તથા ચૌદ રત્નો તજીને,
પામ્યા છો જે પરમ પદને આપજો તે અમોને.

## શ્રી શાંતિનાથ ભક્તિ

જય હો જય હો, હે શાંતિનાથજી, આવો અંતરમાંય.....

વિશ્વસેન પિતા ઐરાદેવી માતા, આનંદ મંગલકાર;

સોળમા તીર્થંકર પૂર્ણતા પામવા, છેલ્લો આ અવતાર...જય હો.

એક લાખ વર્ષ, ચાલીસ ધનુષ, મૃગ ચિહ્ન ચરણમાંય;

પંચમ ચક્રવર્તી કામદેવ, રહેતા જગથી ઉદાસ...જય હો.

દર્પણમાં બે પ્રતિબિંબ દેખ્યા, પ્રગટ્યું જાતિસ્મરણ;

નાશવાન સંયોગમાં સુખ ક્યાં છે? છોડ્યો સહુ સંસાર...જય હો.

મહાવ્રતધારી નગ્ન દિગંબર, અહો ! ધન્ય મુનિરાજ;

અકષાયભાવે મોહ જીતતાં, પ્રગટ્યું કેવળજ્ઞાન...જય હો.

શાશ્વત મોક્ષધામ સમ્મેદશિખરજી, કુંદપ્રભ ટૂંક મહાન;

સમશ્રેણીએ પ્રભુજી બિરાજે, બતાવે શાંતિ રાહ...જય હો.

અશાંત જગતને શાશ્વત શાંતિ, મળે ન સંયોગમાંય;

સુખશાંતિ છે આતમમાંહી, બતાવ્યું શાંતિનાથ...જય હો.

# ૩. શ્રી મહાવીર પ્રભુ સ્તુતિ

શ્રી સિદ્ધાર્થ નરેન્દ્રના કુલનભે ભાનુ સમા છો વિભુ,
મારા ચિત્તચકોરને જિન તમે છો પૂર્ણ ચંદ્ર પ્રભુ;
પામ્યો છું પશુતા તજી સુરપણું હું આપના ધર્મથી,
રક્ષો શ્રી મહાવીરદેવ મુજને પાપી મહા કર્મથી.

## શ્રી મહાવીર પ્રભુ ભક્તિ

**આવો આવો હે વીરસ્વામી મારા અંતરમાં....**
**અષાઢ શુક્લા છઠ્ઠી દિને, ઉજાળી કૂંખ ત્રિશલા માત,**
**છપ્પન કુમારીકા સેવા કરે, થાયે તત્ત્વની વાત....આવો0**

**ત્રિશલાનંદન મહાવીર પ્રભુજી, તારક જગના નાથ,**
**સિદ્ધારથના લાડીલા તમે, જનમ્યા કુંડલપુર ધામ....આવો0**

**ચૈત્ર સુદ તેરસને દિવસે, થઈ આ ભૂમિ પાવન,**
**દેવોએ આવી મહોત્સવ કરીયો, ઘર ઘર જયજયકાર...આવો0**

**ત્રીસ વર્ષની કુમાર વયે, જાગ્યો અંતર વૈરાગ્ય,**
**મુનિપદ ધારી સન્મતિદેવે, કર્યું આતમરસ પાન....આવો0**

**બાર વર્ષ ધ્યાનધારા ધખાવી, આવ્યા ઋજુવાલિકા,**
**ક્ષપકશ્રેણી પર આરૂઢ થઈને, પામ્યા ક્ષાયિકજ્ઞાન....આવો0**

**વિપુલાચલે દિવ્યધારા વહાવી, તાર્યા ભવ્ય અપાર,**
**ઈન્દ્રભૂતિ વીરવાણી સુણીને, થયા ગૌતમ મહાન....આવો0**

**ત્રીસ વરસ વિહાર કરીને, પહોંચ્યા પાવાપુરી ધામ,**
**કાર્તિક અમાવસ મંગલ દિને, થયા સિદ્ધ ભગવાન....આવો0**

વીર અતિવીર સન્મતિદાતા, વર્ધમાન મહાવીર;
પંચ નામ ધારી શાસનનાયક, વંદન હો અગણિત....આવો0

તુજ શાસનમાં વર્ધમાનજી, જાગ્યા કુંદ-કહાન,
જ્ઞાનધારાને વહેતી રાખી, કર્યો પરમ ઉપકાર....આવો0

જય જય થાઓ, જય જય થાઓ, વ્હાલા વીર પ્રભુનો,
જય જય થાઓ, જય જય થાઓ, વ્હાલા ગૌતમદેવનો,
જય જય થાઓ, જય જય થાઓ, વ્હાલા કુંદકુંદદેવનો,
જય જય થાઓ, જય જય થાઓ, વ્હાલા કહાનગુરુનો,
જય જય થાઓ, જય જય થાઓ, વ્હાલા ભગવતી માતનો,
ભક્તો સહુ સંગ સાથે મળીને, કરીએ વંદન હજાર....આવો0

## ૪. શ્રી સૂર્યકીર્તિનાથ સ્તુતિ

દેખી મૂર્તિ સૂર્યકીર્તિ જિનની નેત્ર મારાં ઠરે છે,
ને હૈયું આ ફરી ફરી પ્રભુ ધ્યાન તેનું ધરે છે;
આત્મા મારો પ્રભુ તુજ કને આવવા ઉલ્લસે છે,
આપો એવું બળ હૃદયમાં માહરી આશ એ છે

## શ્રી સૂર્યકીર્તિનાથ ભક્તિ

( રાગ : આવો ! આવો ! સીમંધર જિનરાજજી રે ! )

આવો ! પધારો ! ભાવીના જિનરાજજી રે ! (૨)
પ્રભુદર્શનથી અંતર અમ ઉલસી રહ્યાં.

પૂજો ! પૂજો ! ભાવીના ભગવંતને રે ! (૨)
મણિરત્ને વધાવો જિનવરદેવને.

જિનજી મારા ભાવીના ભગવંત છે રે ! (૨)
વિશ્વદિવાકર તારણહારા દેવ છે....આવો૦

શિવસુખદાયક મંગળકારી દેવ છો રે ! (૨)
પ્રભુચરણોથી મંગળતા પ્રસરી રહી.

ભાવીના ભગવંત પધાર્યા આંગણે રે ! (૨)
ઇન્દ્ર-નરેન્દ્રો જિનચરણો પૂજી રહ્યા;
—જિનવરગીતો સુરલોકે ગાજી રહ્યાં....આવો૦

જિનજી મારા, દિવ્ય ધ્વનિ વરસાવજો રે ! (૨)
અમ સેવકનાં અંતરિયાં તલસી રહ્યાં.

પ્રભુજી મારા, અનંત ગુણે બિરાજતા રે ! (૨)
આનંદ પૂરણ, જ્ઞાન પૂરણ ઊછળી રહ્યાં....આવો૦

જિનજી મારા, કૃતકૃત્ય પરમેશ્વરા રે ! (૨)
પૂર્ણ પ્રભુતા, ઉપશમરસ વરસી રહ્યાં.

જિનજી મારા, રત્નચિંતામણિ દેવ છો રે ! (૨)
કલ્પતરુ મનવાંછિત ફળદાતાર છો....આવો૦

અગણિત નેત્રે નિરખું જિનવરદેવને રે ! (૨)
અગણિત અગણિત સ્તવન કરું જિનદેવનાં.

અગણિત દ્રવ્યે પૂજન કરું જિનરાજનાં રે ! (૨)
તૃપ્તિ ન થાયે, ઉર અનહદ ઉલસી રહ્યાં....આવો૦

અનંત ગુણના નાથ પધાર્યા મંદિરે રે ! (૨)
અનંત મહિમાવંત પ્રભુ અમ આંગણે.

અનંત કાળે જિનદર્શન બહુ દોહ્યલાં રે ! (૨)
મહાભાગ્યેથી પ્રભુજી પધાર્યા આંગણે....આવો૦

## ૫. શ્રી જિનવાણી સ્તુતિ

ૐકારં બિન્દુસંયુક્તં, નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ;
કામદં મોક્ષદં ચૈવ, ૐકારાય નમો નમઃ

## શ્રી જિનવાણી ભક્તિ

માતા! વંદન કરું આજ, અમને ઉતાર્યા ભવથી પાર...

અનાદિકાળથી ભમતો રહ્યો છું, ક્યારેય ન આવ્યો આરો;
તુજ શરણ-આશ્રય મળતાં (૨), મટ્યો છે સંસાર ખારો... (૧)

સમયસાર દ્રવ્યાનુયોગ, કરાવે ભેદથી ભેદ;
ભેદજ્ઞાનની ધારા વહાવી (૨), કરો મિથ્યાત્વનો છેદ... (૨)

શ્રાવકાચાર ચરણાનુયોગ, બતાવે અધૂરાશ રાગ;
ચારિત્રનો પુરુષાર્થ વધારી (૨), થાઓ પૂર્ણ વીતરાગ... (૩)

ગોમ્મટસાર કરણાનુયોગ, વર્ણન જીવાદિ પ્રકાર;
સૂક્ષ્મ વિષય જ્ઞાનનો જાણી (૨), પામો કેવળજ્ઞાન... (૪)

મહાપુરાણ કથાનુયોગ, છે મહાપુરુષ જીવન;
સંસારમાં પુણ્ય-પાપના ખેલ (૨), છોડતાં સિદ્ધ ભગવાન... (૫)

વીતરાગતા પોષક નિત્યબોધિની, તું છે કેવળીની વાણ;
રૂચીપૂર્વક સ્વાધ્યાય કરીને (૨), કરીએ આત્મ કલ્યાણ... (૬)
ગુરુપ્રતાપે સ્વાધ્યાય કરીને (૨), કરીએ આત્મ કલ્યાણ... (૬)

## ૬. શ્રી બાહુબલી મુનિરાજ સ્તુતિ

અર્હન્તો ભગવંત ઇંદ્રમહિતાઃ સિદ્ધાશ્ચ સિદ્ધીશ્વરાઃ,
આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ પૂજ્યા ઉપાધ્યાયકાઃ;
શ્રી સિદ્ધાન્તસુપાઠકા મુનિવરા રત્નત્રયારાધકાઃ,
પંચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં કુર્વન્તુ વો મંગલમ્.

## શ્રી બાહુબલી મુનિરાજ ભક્તિ

છે ઋષભનંદન દુલારા, અમને લાગે છે બહુ પ્યારા;
હે બાહુબલી મુનિશ્વર, વંદન હો કોટિ અમારા... (૧)

પ્રથમ કામદેવ બન્યા, શરીરથી ઉદાસ રહેતા;
સાચા વૈરાગી થયા, અમે થઈએ આપ જેવા... (૨)

ધ્રુવધામની ધુણી ધખાવી, ધ્યાન ધારા ઉગ્ર જગાવી;
એકાગ્ર લગની લગાવી, આદર્શ બન્યા છો જગમાં... (૩)

વેલડી શરીરે વીંટાણી, પરિણતિ નિજમાં જામી;
ધન્ય હો પુરુષાર્થી, પરથી તોડ્યા તમે નાતા... (૪)

ભક્તોના ભાગ્ય ખીલ્યા, અમ આંગણે આવી બિરાજ્યા;
નિજ આતમ થયા ઉજળા, નિરખી તુજ અખંડધારા... (૫)

# ૭. શ્રી કુંદકુંદાચાર્ય સ્તુતિ

**આ ક્ષેત્રના ચરમ જિન તણા સુપુત્ર,**
**વિદેહના પ્રથમ જિન તણા સુભક્ત;**
**ભવમાં ભૂલેલ ભવિ જીવ તણા સુમિત્ર,**
**વંદું તને ફરી ફરી મુનિ કુંદકુંદ.**

# શ્રી કુંદકુંદાચાર્ય ભક્તિ

મૈં પૂજતી હું જિનકો, અંતર કી આતમા સે;
વો સામને બિરાજે, મેરે ગુરુ હૈ મેરે, વો સિદ્ધ બનનેવાલે.....મૈં પૂજતી...

ગુરુ સચ્ચા મિલે જિસકો, બડા પુણ્યવાન હોતા હૈ;
ગુરુ કો સહી પહચાને, વો ભવ સે પાર હોતા હૈ;
નહીં રાગ-દ્વેષ મનમેં (2) તુમ સમતા ભાવવાલે....મૈં પૂજતી..... (1)

ઘના અંધકાર છાયા હૈ, નહીં દિખતા કિનારા હૈ;
યહાઁ મતલબ કા નાતા હૈ, એક જ્ઞાયક બતાયા હૈ;
મૈં ભક્તિભાવ સે વંદું (2) ભવદુ:ખ મિટાનેવાલે....મૈં પૂજતી..... (2)

ગુરુ મોક્ષમાર્ગ સાધક હો, સદા આનંદદાયક હો;
વિજય અજ્ઞાન પે પાયી, તુમ્હીં સચ્ચે હો જ્ઞાનધારી;
હૈ ઉપકાર ગુરુવર (2) આતમ દિખાનેવાલે....મૈં પૂજતી.....(3)

યે જીવન દુર્લભ મિલા, નહીં વિષયો મેં તું રમના;
અબ આતમ કો જાનો, બસ ઉસકો હી અપનાઓ;
હૈ મોડ પર ખડે હમ (2), ગુરુ રાહ બતાનેવાલે;....મૈં પૂજતી.....(4)

જો મુક્તિ પથ પર ચલતે, કભી ના વે કહી રુકતે;
ધન્ય જીવન તુમ્હારા હૈ, વહી આદર્શ હમારા હૈ;
મૈં રહું તેરે પાસ (2), સદા શરણ દેનેવાલે....મૈં પૂજતી.....(5)

વાણીઁ આપકી મિલી, માનો સાક્ષાત્ પધારે હો;
સમયસાર કા ચિંતન હો, સદા ઉસકા હી મનન હો;
ભેદજ્ઞાન જ્યોતિ પ્રગટો (2), તુમ્હી તારનેવાલે....મૈં પૂજતી.....(6)

## ૮. સુવર્ણપુરીની ભક્તિ

**યહ હૈ પાવન ભૂમિ, યહાં બાર બાર આના...**
**સીમંધર કે ચરણોંમેં, આ કરકે ઝૂક જાના...**
**ગુરુવરકે ચરણોંમેં, આ કરકે ઝૂક જાના...**
**ભગવતી માત ચરણોંમેં, આ કરકે ઝૂક જાના...**

**બના સ્વાધ્યાય મંદિર પ્રથમ, બિરાજતે ગુરુ કહાન;**
**માત હસ્તસે સ્થાપિત્, મહા મંગલ સમયસાર;**
**તું ભગવાન હૈ સુના કર, કિયા હૈ અમ પર ઉપકાર... યહ હૈ.... ૧**

**જિનમંદિર હૈ અનુપમ, સીમંધર શોભે અદ્ભુત;**
**શાંતિ-પદ્મ-નેમિનાથ, ઉપશમ રસસે ભરપુર;**
**દર્શન ભાવસે કરતે, હોતા આનંદ અપાર... યહ હૈ....૨**

**સમવસરણ વિદેહી નાથકા, માનો ખિરતી ધ્વનિ મહાન;**

કુંદકુંદ પધારે પાવન, યાદ આતે હૈ યુવરાજ,
બના ભરત વિદેહધામ, વંદન હો શ્રી જિનરાજ... યહ હૈ.... ૩

ઉન્નત માનસ્તંભ ભારી, માનીકા માન ગલતા;
ઉન્નત માનસ્તંભ ભારી, અભિમાની ભી ઝૂક જાતા;
ભવ્યોંકો બુલાતે પાસ, કરલો અપના કલ્યાણ;
ગગન વિહારી નાથ, પધારે તારણહાર... યહ હૈ.... ૪
વિચરતે સીમંધર નાથ, સ્વર્ણમેં તારણહાર... યહ હૈ.... ૪

પરમાગમ મંદિર સુંદર, અનુપમ અહો મહાવીર;
કુંદવાણી હુઈ અમર, સમજસે હો ભવપાર;
કુંદામૃત પદ્મપ્રભ, દિયા અધ્યાતમ સાર... યહ હૈ.... ૫

આદિ ઔર ભાવિ જિનવર, પંચ મેરુ નંદીશ્વર;
જિનવૃંદોકી ભક્તિ કર, હમ પાવે શાશ્વત પદ;
ગુરુ-માત વચનામૃતસે, સબ પાવે આતમજ્ઞાન... યહ હૈ.... ૬

આવો ભક્ત સબ આવો, નિર્મળ અનુભૂતિ પાવો;
રત્નત્રય પ્રાપ્ત કરકે, મોક્ષપુરી પહુંચ જાવો;
જય જય હો ગુરુવર કહાન, જય જય હો ભગવતી માત... યહ હૈ.... ૭

ધન્ય ભાગ્ય ખીલે હમારે, જીવન સફળ હુઆ આજ;
ગુરુ સાધના ભૂમિ આકર, હમ કરેંગે તત્ત્વાભ્યાસ;
આશિષ દો ઉપકારી મહાન, હમ બને આપ સમાન... યહ હૈ... ૮

## ૯. શ્રી ગુરુદેવ સ્તુતિ

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

## ગુરુદેવની ક્ષમાપના સ્તુતિ

[ઉત્તમ ક્ષમાવાણી—પર્વ : ભાદરવા વદ ૧]

ગુરુદેવ! તારાં ચરણમાં ફરી ફરી કરું હું વંદના,
સ્થાપી અનંતાનંત તુજ ઉપકાર મારા હૃદયમાં. ૧.

કરીને કૃપાદૃષ્ટિ, પ્રભુ! નિત રાખજો તુમ ચરણમાં,
રે! ધન્ય છે એ જીવન જે વીતે શીતળ તુજ છાંયમાં. ૨.

ગુરુદેવ! અવિનય કંઈ થયો, અપરાધ કંઈ પણ જે થયા,
કરજો ક્ષમા અમ બાળને, એ દીનભાવે યાચના. ૩.

મન-વચન-કાય થકી થયા જાણ્યે-અજાણ્યે દોષ જે,
કરજો ક્ષમા સૌ દોષની, હે નાથ! વિનવું આપને. ૪.

તારી ચરણસેવા થકી સૌ દોષ સહેજે જાય છે,
ક્રોધાદિ ભાવ દૂરે થઈ ભાવો ક્ષમાદિક થાય છે. ૫.

ગુરુવર! નમું હું આપને, અમ જીવનના આધારને,
વૈરાગ્યપૂરિત જ્ઞાન-અમૃત સીંચનારા મેઘને. ૬.

મિથ્યાત્વભાવે મૂઢ થઈ નિજતત્ત્વ નહિ જાણ્યું અરે!
આપી ક્ષમા એ દોષની આ પરિભ્રમણ ટાળો હવે. ૭.

સમ્યક્ત્વ-આદિક ધર્મ પામું, તુંજ ચરણ-આશ્રય વડે;
જય જય થજો પ્રભુ! આપનો, સૌ ભક્ત શાસનના ચહે. ૮.

# શ્રી ગુરુદેવ ભક્તિ

મને સત્યસ્વરૂપ સમજાવ્યું, મને આતમજ્ઞાન આપ્યું;
તે કહાન ગુરુને નમન, મહાપુણ્યે આપ મળીયા...

હે ઉજમબાના દુલારા, સેવકના તારણહારા;
છો જિન લઘુનંદન, સ્વીકારજો વંદન અમારા...

હું સંસાર તાપમાં બળતો, સુખ-શાંતિ સદા શોધતો;
શીતળ જ્ઞાનધારા વરસાવી, કષાય અગ્નિને ઠારી;
ઉપકાર ગુરુવર આપના, ભૂલાય કદી ન જીવનમાં... ૧

હું સ્વરૂપસાધના કરું, વિષયોમાં સુખ ન માનું;
બીજે ક્યાંય ના અટકું, સ્વભાવ કદી ન વિસરું;
આશીષ અનુપમ આપ્યા, ભવસાગરથી ઉગાર્યા... ૨

જિનવરના ભેટા કરાવ્યા, શાસ્ત્રોના મર્મ ઉકેલ્યા;
સાધકસંતોને બતાવ્યા, વીરશાસનને ઉજાળ્યા;
ગુરુરાજ શું ચરણે અર્પુ? મને કાંઈ ન રે જડતું... ૩

આજ મંગલ દિવસ આવ્યો, પાવન દર્શન હું પામ્યો;
અંતર આતમ છે ઉલ્લસ્યો, જાણે નિજ આત્મ દેખ્યો;
નિશ્ચિત શીવપદ મળશે, બીજું કાંઈ ન હવે ભાસે... ૪

## ૧૦. શ્રી ભગવતીમાતા સ્તુતિ

કરી બાળવયે બહુ જોર, આતમધ્યાન ધર્યું;
સાંધી આરાધનદોર, સમ્યક્ તત્ત્વ લહ્યું,
મીઠી મીઠી વિદેહની વાત તારે ઉર ભરી;
અમ આત્મ ઉજાળનહાર, ધર્મપ્રકાશકરી.
સીમંધર - ગણધર - સંતનાં, તમે સત્સંગી;
અમ પામર તારણ કાજ પધાર્યાં કરુણાંગી.
તુજ જ્ઞાન - ધ્યાનનો રંગ અમ આદર્શ રહો;
હો શિવપદ તક તુજ સંગ, માતા ! હાથ ગ્રહો.

## શ્રી ભગવતીમાતા ભક્તિ

ભક્તિ રસ ભીનાં હૃદયો લઈને, અમે આવ્યા છે માત દરબારે....

ત્હારી વાણીના અમે છીએ રસીયા, ત્હારા દર્શનના અમે રે તરસીયા;
ત્હારા નયનોમાં છલકે છે અમૃત, જ્ઞાયક જ્ઞાયક ઝળકે છે નિરંતર.... ૧

દેવ-શાસ્ત્ર-ગુરુની અદ્‌ભુત ભક્તિ, અદ્‌ભુત ત્હારા ચૈતન્યની શક્તિ;
અમને ચૈતન્ય પામવાની તાલાવેલી, તારી મુદ્રા જોતાં પામું સુખ હેલી.... ૨

વિશ્વની સંપત્તિ મુકૂં તુજ ચરણે, મળે છે આનંદ ત્હારે શરણે;
માતા મિથ્યા હરતા ને મંગળ કરતાં, સ્વરૂપે જવા અમને પ્રેરણા કરતાં.... ૩

# ૧૧. ઉપકારીની ભક્તિ

**(રાગ: દિવ્યધ્વનિ છૂટી વીર મુખથી...)**

ઉપકારી ધર્માત્મા જય હોજો, આપની કરુણા અપરંપાર ... ઉપકારી...

અમ આંગણે અહો! બિરાજીયા રે, અમને પાવન કર્યા છે આજ ... ઉપકારી...

ભેદજ્ઞાન ધારાએ શોભતા રે, સ્વરૂપ સાધના પારાવાર ... ઉપકારી...

તુજ વાણી છે અમૃત ધારા રે, ભવ્યોને બતાવે મોક્ષ રાહ ... ઉપકારી...

અનંત ગુણ સાગર અપાર છો રે, તે કેમ કરીને ગવાય ... ઉપકારી...

તુજ પાવન પગલે સહુ ચાલીએ રે,અલ્પ કાળે પહોંચીએ તુજ પાસ ..ઉપકારી..

મીઠાં અંતરના આશીષ આપજો રે, ભક્તો મળીને કરે પોકાર ..ઉપકારી..

દોષ–અપરાધ કંઈપણ જે થયા રે, કરજો ક્ષમા જાણી અલ્પ બાળ ..ઉપકારી..

## ૧૨. ભાવના...

**(રાગ: વીર છબી ભાયે, ...)**

**પ્રભાત થયો, અંધકાર ગયો;**
**હવે ભાઈ રે! ઝટ અનુભવ કરી લેજો રે... ૧**

**ચિંતવન કરજો, વિભાવ ભૂલજો;**
**આતમરામ રે! ક્યાંય ન જરી રોકાશો રે... ૨**

**સ્વરૂપ મનન, જ્ઞાયક સ્મરણ;**
**કરવા જેવું રે! વિભાવ નથી કોઈ તારો રે...૩**

**પંચ પરમેષ્ટિ, આતમના ઈષ્ટ;**
**વંદન હોજો રે, સત્સંગ ક્યારેય ન છોડશો રે... ૪**

**દેવ-શાસ્ત્ર-ગુરુ, થાય ભ્રમણ પૂરું;**
**ભક્તિ ગજાવો રે, શરણ સદાય રહેજો રે... ૫**

**જિનવાણી માતા, બનાવે જ્ઞાતા;**
**ભાવે સુણજો રે, નિત્ય તેનો સહારો રે... ૬**

**કુંદકુંદ દેવા, શું કરું સેવા;**
**સમયસાર આપ્યું રે, કર્યા મહા ઉપકારો રે...૭**

**ગુરુવર કહાન, આપ છો મહાન;**
**નમન હજારો રે, આપ વિના નથી આરો રે...૮**

**ભગવતી માતા, આપે જ્ઞાન ભાથા;**
**સાથે જ રાખો રે, હૃદયે સદા વસો રે... ૯**

# ૧૩. શ્રી ગુરુદેવ ભક્તિ

આવી મારી જીવનની અણમોલ આ ઘડી,
ગુરુવર કહાન બિરાજે મારે આંગણે અહીં;
ગુરુરાજ વધાવું આજે, ભક્તિ ભાવ ધરી,
આવો ભક્તો મંગલ ગીત ગાઈએ સાથે મળી... ૧

ભક્ત તારણહાર અહો ગુરુ કહાન અમારા,
ભગવાન કહી બોલાવે એ ઉપકાર અપારા;
જ્ઞાનસિંધુ કૃપાસાગર અંતર સમતા ભરી,
પામરને પ્રભુતા બતાવે એવી અમૃત વાણી... ૨

સીમંધર લઘુનંદન વીરપ્રભુના વારસદાર,
જિનવાણી રહસ્ય ખોલી પહોંચાડે મોક્ષ દ્વાર;
કુંદના માર્ગે ચાલી શાસનમાં ઉજ્જ્વળતા ભરી,
તુજ ગુણોને યાદ કરી વંદન કરું ફરી ફરી... ૩

દેવ-શાસ્ત્ર-ગુરુની ઓળખાણ કરાવી સાચી,
સાધના-પંથ બતાવ્યો ભેદજ્ઞાન મંત્ર આપી;
આપે કહેલ તત્ત્વ-અભ્યાસ કરું ઘડી ઘડી,
ભવસાગર પાર થાઉં જ્ઞાયકસ્વરૂપ જાણી... ૪

નિજ આતમદેવને જાણું તુજ આશીષ વડે,
આત્માનુભવ કરી ત્યાગું સંસાર હવે,
આત્મહિત કરવાનો અવસર આવ્યો છે જરી,
ચૂકી ન જાઉં એવી ભાવના જાગી છે ખરી... ૫

આવો ભક્તો આવો સહુ આનંદ મંગલ કરીએ,
ગુરુકહાનના શરણમાં સદાય રમી રહીએ;
ગુણગાન તારા શાં શાં કરીએ આજે અમે,
ડૂબતા અમને તાર્યા છે ઉપકારી તમે... ૬